**મહેસુલી ચાલુ બાબત વર્ષ: ૨૦૨૬-૨૭**

અનુસુચિત જાતિ પેટા વિકાસ યોજના અંતર્ગત

(૧) ખેડૂતો/પશુપાલકોને ચાફકટર(ઓપરેટેડ બાય એન્જીન/ ઇલે.મોટર, પાવર ટીલર, ટ્રેક્ટર)ની ખરીદી પર સહાયની યોજના (અ) ૫ એચ.પી. સુધી. (બ) ૫ એચ.પી થી વધુ.

(૨) પશુપાલકોને પશુઓના રહેણાક માટે કેટલશેડ,પાણીની ટાંકી બનાવવા સહાયની યોજના(બે પશુ માટે)

(૩) ખેડૂત/પશુપાલકોને સુધારેલ જાતનાં ઘાસચારાનાં બિયારણ પુરા પાડવાની સહાયની યોજનાની વહીવટી મંજૂરી બાબત.

**ગુજરાત સરકાર**

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

ઠરાવ ક્રમાંક:ACD/PFD/e-file/2/2024/3723/P1

સચિવાલય, ગાંધીનગર

**વંચાણે લીધા:-**

(૧) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો ઠરાવ ક્રમાંક:ACD/PFD/e-file/2/2024/3723/P1, તા.૩/૦૭/૨૦૨૫ (ચાલુ બાબત).

(૨) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો ઠરાવ ક્રમાંક:ACD/PFD/e-file/2/2024/4553/P1, તા.૧૭/૦૪/૨૦૨૫(નવી બાબત).

(૩) પશુપાલન નિયામકશ્રીની કચેરી,ગુ.રા.,ગાંધીનગરનો તા.૨૪/૦૨/૨૦૨૬નો પત્ર ક્ર.:DOAH/CIT/e-file/304/2025/2823/Fodder Branch.

**આમુખ:-**

વંચાણે લીધા-(૧) અને (૨)ના આ વિભાગના ઠરાવથી આ યોજનાને સને ૨૦૨૫-૨૬માં ચાલુ રાખવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ. વંચાણે લીધા-(૩)ના પત્રથી પશુપાલન નિયામકની કચેરી, ગુ.રા.ગાંધીનગરે આ યોજનાને વર્ષ ૨૦૨૬-૨૭માં રૂ.૩.૯૬ કરોડ (અંકે રૂ. ત્રણ કરોડ છન્નું લાખ પુરા)ના ખર્ચે ચાલુ રાખવાની વહીવટી મંજૂરી મેળવવા દરખાસ્ત કરેલ. જેને મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ**

વિચારણાને અંતે રૂ.૩.૯૬ કરોડ (અંકે રૂ. ત્રણ કરોડ છન્નું લાખ પુરા)ની અંદાજપત્રીય જોગવાઈ ધરાવતી આ ચાલુ બાબતને અંદાજપત્રીય જોગવાઈની મર્યાદામાં નીચે દર્શાવેલ યોજનાવાર નાણાકીય જોગવાઈ અને શરતો-બોલીઓને આધીન વર્ષ :૨૦૨૬-૨૭માં ચાલુ રાખવાની વહીવટી મંજુરી આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

| અ.નં | યોજનાનુ નામ | બજેટ જોગવાઈ ૨૦૨૬-૨૭ રૂ.કરોડમાં |
|---|---|---|

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૧ | ખેડૂત/પશુપાલકને ચાફકટર(ઓપરેટેડ બાય એન્જીન/ ઈલે.મોટર, પાવર ટીલર, ટ્રેક્ટર)ની ખરીદી પર સહાયની યોજના (અ) ૫ એચ.પી. સુધી. (બ) ૫ એચ.પી થી વધુ. (૩૦૦ નં.) | ૦.૬૬ |
| ૨ | પશુપાલકોને પશુઓના રહેણાક માટે કોઢ (કેટલશેડ),પાણીની ટાંકી, ગમાણ તથા ૭ લીટર ડોલ માટે સહાયની યોજના.(૩૦૦ નં.) | ૦.૯૦ |
| ૩ | ખેડૂત/પશુપાલકને સુધારેલ જાતનાં ઘાસચારાનાં બિયારણ પુરા પાડવાની સહાય(૨૦૦૦૦ કીટ) | ૨.૪૦ |

યોજનાનો અમલ નીચે મુજબની શરતો બોલીઓ તેમજ બીડાણે સામેલ પરિશિષ્ઠ-૧ થી ૪ મુજબ કરવાનો રહેશે.

**<u>શરતો અને બોલીઓ</u>**

1. પ્રસ્તુત યોજના અંગેનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૬ પછી કરવાનો રહેશે.
2. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રીય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહિ તે મુજબનું આયોજન કરવાની તકેદારી પશુપાલન નિયામકશ્રીની કચેરીએ રાખવાની રહેશે.
3. આ યોજનાનો અમલ સબંધિત નોડલ એજન્સી મારફતે કરવાનો રહેશે.
4. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.
5. ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
6. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.સાધન/ કીટની ગુણવતા સુનિશ્રિત કરવાની રહેશે.
7. નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પદ્ધતિ થી જ આપવાની રહેશે.
8. આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.
9. C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.
10. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
11. Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
12. યોજનાકીય મેન પાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.
13. કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.
14. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
15. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
16. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
17. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
18. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
19. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
20. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
21. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

22. સદર યોજનાના અમલીકરણમાં પ્લાનિંગ કમિશનના તા.૧૮/૬/૧૪ના જાહેરનામામાં જણાવેલ અનુસૂચિત જાતિ પેટા યોજના (SCSP) માટેની સુધારેલી ગાઇડલાઇન્સ ધ્યાને લેવાની રહેશે.

૨. આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે.

માંગણી નંબર : ૯૫

સેક્ટર : ગ – આર્થિક સેવાઓ

સબ સેક્ટર : (ક) કૃષિ અને સંલગ્નપ્રવૃતિઓ

મુખ્ય સદર : ૨૪૦૩– પશુપાલન

ગૌણ સદર : (૧૦૭) ઘાસચારા અને પશુખાણ ગોબર વિકાસ

પેટા સદર : (૦૧) (ANH-9) અનુસુચિત જાતિ પેટા યોજના અનુસુચિત જાતિનાં લોકોને નાની સાધન પેટી, ઘાસ કાપાવના સાધન અને ચુરિયા માટે સહાયકી

૩. નાણા વિભાગ અને વિભાગની બજેટ શાખા દ્બારા ગ્રાન્ટની ફાળવણીના હુકમો કરવામાં આવે, તદનુસાર નિયામકશ્રી, પશુપાલન કચરીએ ખર્ચ કરવાનો રહેશે તથા નાણા વિભાગના વખતો વખતના અદ્યતન ઠરાવ વિગેરે સબંધિત તમામ સુચનાઓને પણ ધ્યાને લઇ ખર્ચ કરવાની કાળજી રાખવાની રહેશે.

૪. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(પ.પા)ની તથા નાણા વિભાગની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(પ્રિયંકા ચૌધરી)

સેકશન અધિકારી

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

<u>પ્રતિ</u>,

- માન.મંત્રીશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી, કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- પશુપાલન નિયામકશ્રી, પશુપાલન નિયામકની કચેરી,કૃષિભવન,ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(કૃષિ), નાણા વિભાગ, સચિવાલય.
- ઉપમહાલેખાકારશ્રી (ES-૧),એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ(E&RS Audit) ગુજરાત,ત્રીજો માળ,ઓડિટ ભવન, નવરંગપુરા,અમદાવાદ-૩૮૦૦૦૯.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, (એ.એન્ડ ઇ) અમદાવાદ/ રાજકોટ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- ઘાસચારા શાખા, પશુપાલન નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કૃષિ અને સહકાર વિભાગની બજેટશાખા, બ.૧,પી-૨, અ અને નાણાં શાખા.
- પસંદગી ફાઇલ
- સેક્શન અધિકારીશ્રી(આઈ.ટી. સેલ), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ – (ઠરાવ વિભાગની વેબસાઈટ પર મુકવાની વિનંતી સહ)

**ખેડૂત/પશુપાલકને ચાફકટર(ઓપરેટેડ બાય એન્જીન/ ઈલ.મોટર, પાવર ટીલર, ટ્રેક્ટર)ની ખરીદી પર સહાયની યોજનાની શરતો અને બોલીઓ:-**

૧) યોજનાનો લાભ મેળવવા **ખેડૂત/પશુપાલકે** આઇ-ખેડૂત પોર્ટલ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે.

૨) અનુસુચિત જાતિનાં **ખેડૂત/પશુપાલક** આ યોજનાનો લાભ લઈ શકશે.

3) અરજદાર પાસે ઓછામાં ઓછા ૨ (બે) કે તેથી વધુ પશુઓ હોવા જોઇએ(પશુપાલકના કિસ્સામાં)

૪) અરજી પૂર્વ મંજૂર થયા બાદ સરકારશ્રી દ્વારા એમ્પેનલ કરેલ ઉત્પાદકનાં અધિકૃત વિક્રેતા પાસેથી અથવા સબ-મિશન ઓન એગ્રીકલ્ચર મિકેનાઈઝેશન(SMAM)ની ઓપરેશનલ ગાઇડલાઇન અનુસાર ચાફકટર નિયત સમય મર્યાદામાં ખરીદ કરવાનું રહેશે.

૫) ચાફ્કટરનું ખરીદીનું બીલ રજુ કરવાનું રહેશે.

૬) ખેડૂત/પશુપાલકે પશુઓને ચાફ કરીને જ લીલો-સુકોચારો નિરણ કરવાનો રહેશે.

૭) આ યુનિટની ખરીદીની સમય મર્યાદા ૬૦ દિવસની રહેશે. ત્યારબાદ અરજી અમાન્ય ગણાશે.

૮) નાણાનું ચુકવણું લાભાર્થીના આધાર લિન્કડ બેંક એકાઉન્ટમાં Direct Benefit Transfer Scheme માં તબદીલ કરવાનું રહેશે.

૯) લાભાર્થીએ પોતાનો બેંક એકાઉન્ટ જણાવવાનો રહેશે.જેથી નાણા તેમાં જમા થઇ શકે.

૧૦) The Right of Persons with Disabilities Act, 2016 ની Section-24 અને Section-37ની જોગવાઈઓ અનુસાર સદર યોજનામાં દીવ્યાંગો(માન્ય પ્રમાણપત્ર ધરાવતા)ને ૫% ની મર્યાદામાં અને તેમાં પણ દિવ્યાંગ મહિલાઓને યોગ્ય પ્રાધાન્યતા સાથે અનામતનો લાભ આપવાનો રહેશે. કોઈપણ કારણસર જો દિવ્યાંગ લાભાર્થીઓ પુરતા પ્રમાણમાં ન મળે તો યોજનાની શરતો પરિપૂર્ણ કરતા અન્ય લાભાર્થીઓને લાભ આપવાનો રહેશે.

૧૧) સદર યોજનાની જોગવાઈની ૧૫ ટકા રકમ વાલ્મીકી, હાડી, નાડીયા, સેનવા, તુરી, ગરો, વણકર સાધુ અને અનુસુચિત જાતિના બાવા જેવી અતિ પછાત જાતિઓના લાભાર્થીઓ માટે ખર્ચ કરવાની રહેશે, કોઈપણ કારણસર જો અતિ પછાત જાતિના લાભાર્થીઓ પુરતા પ્રમાણમાં ન મળે અને નિયત થયેલ ૧૫ ટકા પૈકીની રકમ ન વપરાય તેવી બધી રકમ અનુસુચિત જાતિના લોકો માટે વાપરવાની ખાસ કાળજી રાખવાની રહેશે.

૧૨) અનુસુચિત જાતિનાં ખેડૂત/પશુપાલકોના સેલ્ફ હેલ્પ ગ્રુપ(SHG), ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન (FPO), સહકારી મંડળી કે ગ્રુપ કે જે ઓછામાં ઓછા પાંચ પશુ ધરાવતા હોય તો ચાફકટર યોજનાનો લાભ લઈ શકે છે.

**કેટલશેડની શરતો અને બોલીઓ:-**

૧) યોજનાનો લાભ મેળવવા પશુપાલક આઇ ખેડૂત પોર્ટલ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે.

૨) અનુસુચિત જાતિનાં ખેડુતો/પશુપાલકો આ યોજનાનો લાભ લઈ શકશે.

3) અરજદાર પાસે ઓછામાં ઓછા બે પશુઓ હોવા જોઇએ.

૪) પશુપાલક પાસે પોતાની માલીકીની જમીન/દસ (૧૦) વર્ષ કે તેથી વધુ સમય માટે ભાડા પટ્ટે લીધેલ જમીન અંગેનું કરારનામું રજુ કરવાનું રહેશે.

૫) માલિકીની જમીન અંગેનો તલાટી કમ મંત્રીનો દાખલો રજુ કરવાનો રહેશે.

૬) પશુપાલક રેશન કાર્ડ ધરાવતો હોવો જોઇએ.

૭) આ યુનિટની બાંધકામની મહત્તમ સમય મર્યાદા ૯૦ દિવસની રહેશે પરંતુ જો લાભાર્થી ૩૦ દિવસમાં કેટલશેડ બાંધકામની કામગીરી હાથ ન ધરે તો તેવા કિસ્સામાં લાભાર્થીની અરજી આપોઆપ રદ ગણાશે.

૮) પશુપાલકે કેટલશેડ બાંધકામ માટે વપરાશમાં લેવાયેલ માલ મટીરીયલનાં બીલ તથા તમામ મંજુરીના બીલ અથવા ખરીદ કરેલ સાધનોના બીલ આપવાના રહેશે.

૯) સંપુર્ણ કામગીરી પશુચિકિત્સા અધિકારીશ્રીએ જણાવેલ સમય મર્યાદામાં પુર્ણ કરવાની રહેશે.

૧૦) લાભાર્થીએ જરૂરી નિયત થયેલ બાંહેધરી પત્રક આપવાનું રહેશે.

૧૧) લાભાર્થીએ પોતાનો બેંક એકાઉન્ટ જણાવવાનો રહેશે. જેથી તે નાણા તેમાં જમા થઇ શકે.

૧૨) નાણાનું ચુકવણું લાભાર્થીના આધાર લિન્કડ બેંક એકાઉન્ટમાં Direct Benefit Transfer Scheme માં તબદીલ કરવું.

૧૩) લાભાર્થી કેટલશેડનાં મજુરી(labour component)માટેનાં કોમ્પોનન્ટની સહાય જો ઈચ્છે તો મનરેગામાંથી સંબંધિત જિલ્લા ગ્રામ વિકાસ કચેરીમાં દાવો રજુ કરી શકશે.

૧૪) કેટલશેડની રદ થયેલા લાભાર્થીની બાબત માટે વેઈટિંગ લીસ્ટના અગ્રતાક્રમ મુજબ લાભ આપવાનો રહેશે.

૧૫) The Right of Persons with Disabilities Act, 2016 ની Section-24 અને Section-37 ની જોગવાઈઓ અનુસાર સદર યોજનામાં દીવ્યાંગો(માન્ય પ્રમાણપત્ર ધરાવતા)ને ૫% ની મર્યાદામાં અને તેમાં પણ દિવ્યાંગ મહિલાઓને યોગ્ય પ્રાધાન્યતા સાથે અનામતનો લાભ આપવાનો રહેશે. કોઈપણ કારણસર જો દિવ્યાંગ લાભાર્થીઓ પુરતા પ્રમાણમાં ન મળે તો યોજનાની શરતો પરિપૂર્ણ કરતા અન્ય લાભાર્થીઓને લાભ આપવાનો રહેશે.

૧૬) સદર યોજનાની જોગવાઈની ૧૫ ટકા રકમ વાલ્મીકી, હાડી, નાડીયા, સેનવા, તુરી, ગરો, વણકર સાધુ અને અનુસુચિત જાતિના બાવા જેવી અતિ પછાત જાતિઓના લાભાર્થીઓ માટે ખર્ચ કરવાની રહેશે,કોઈપણ કારણસર જો અતિ પછાત જાતિના લાભાર્થીઓ પુરતા પ્રમાણમાં ન મળે અને નિયત થયેલ ૧૫ ટકા પૈકીની રકમ ન વપરાય તેવી બધી રકમ અનુસુચિત જાતિના લોકો માટે વાપરવાની ખાસ કાળજી રાખવાની રહેશે.

**ખેડૂત/પશુપાલક માટે સુધારેલ જાતનાં ઘાસચારા બિયારણ મીનીકીટની શરતો અને બોલીઓ:-**

૧) ઘાસચારા મીનીકીટસનો લાભ અનુસુચિત જાતિના **ખેડૂત/પશુપાલકને** આપવાનો રહેશે.

૨) યોજનાનો લાભ મેળવવા **ખેડૂત/પશુપાલકને** આઇ-ખેડૂત પોર્ટલ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે.

૩) મીનીકીટ મેળવવા માટે ખેડૂત-પશુપાલક પાસે પોતાની જમીન હોવી જરૂરી છે, તે ઉપરાંત એક વર્ષ કે તેથી વધુ સમય માટે ભાડા પટ્ટે લીધેલ જમીન ધરાવતા **ખેડૂત/પશુપાલક**ને મીનીકીટ આપી શકાશે.

૪) પ્લોટ બનાવ્યા બાદ સ્થાનિક પશુધન નિરિક્ષક-પશુચિકિત્સા અધિકારી તેમજ ખાતાનાં તાંત્રિક અધિકારી-કર્મચારીઓને બતાવવો જરૂરી છે.

૫) કાપણી કપાયા બાદ ઉત્પન્ન થયેલ ચારાનું વજન પશુચિકિત્સા અધિકારી અથવા પશુધન

નિરિક્ષકને ત્યાં નોંધ કરાવવું.

૬) પ્લોટ ગામનાં અન્ય ખેડુત/પશુપાલકને બતાવી તેના લાભનું નિદર્શન કરવું.

૭) પિયતની સુવિધા હોવી જરૂરી છે.

૮) અરજી પત્રક સાથે ૭-૧૨, ૮-અ/તલાટીનો દાખલો(જમીન ધરાવતો હોવાનો) અને અનુસુચિત જાતિનો દાખલો સામેલ કરવો જરૂરી છે.

૯) અરજદાર પશુઓ રાખતો હોવો જોઈએ.(પશુપાલકના કિસ્સામાં)

૧૦) ગુજરાત લાઈવસ્ટોક ડેવલપમેન્ટ બોર્ડ,ગાંધીનગર અથવા તેમના હસ્તકના પશુ ઉછેર કેન્દ્ર, ભૂતવડ સંલગ્નના બિયારણ વૃદ્ધિ કેન્દ્ર દ્વારા મીનીકીટસનાં વિતરણ માટે નિયત ખરીદી પદ્ધતિથી ખરીદ કરી અથવા નિયમોનુસાર ઘટતી કાર્યવાહી કરી ખરીદી માટે સરકારી, સહકારી સાહસો, કૃષિ યુનિ. કે કેન્દ્ર સરકારના ફાર્મ, ગુજરાત રાજ્ય બીજ

નિગમ લીમિટેડ અથવા રાષ્ટ્રીય બીજ નિગમ લિમિટેડ પાસેથી યોજનાની કુલ નાણાકીય જોગવાઈની મર્યાદામાં સર્ટિફાઇડ સીડ્સ ખરીદી **ઘ.પ.સુ.યોને** પુરા પાડવામાં આવશે.

૧૧) The Right of Persons with Disabilities Act, 2016 ના ભારત સરકારની સંસદના કાયદા પ્રમાણે Section-૨૪ અને ૩૭ ની જોગવાઈ અનુસાર આ યોજનામાં વિકલાંગો માટે ૫% અનામત નીતિનો લાભ મળી રહે તે માટે ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧૨) આ યોજના હેઠળ સરકારશ્રીની સુચના મુજબ અનુસુચિત જાતિ પૈકી કુલ ગ્રાંટના ૧૫% અંત્યોદય સમાજના વિકાસને પ્રાધાન્ય આપવા માટે ખર્ચ કરવાનો રહેશે.

૧૩) The Right of Persons with Disabilities Act, 2016 ની Section-24 અને Section-37 ની જોગવાઈઓ અનુસાર સદર યોજનામાં દીવ્યાંગો(માન્ય પ્રમાણપત્ર ધરાવતા)ને ૫% ની મર્યાદામાં અને તેમાં પણ દિવ્યાંગ મહિલાઓને યોગ્ય પ્રાધાન્યતા સાથે અનામતનો લાભ આપવાનો રહેશે. કોઈપણ કારણસર જો દિવ્યાંગ લાભાર્થીઓ પુરતા પ્રમાણમાં ન મળે તો યોજનાની શરતો પરિપૂર્ણ કરતા અન્ય લાભાર્થીઓને લાભ આપવાનો રહેશે.

૧૪) સદર યોજનાની જોગવાઈની ૧૫ ટકા રકમ વાલ્મીકી, હાડી, નાડીયા, સેનવા, તુરી, ગરો, વણકર સાધુ અને અનુસુચિત જાતિના બાવા જેવી અતિ પછાત જાતિઓના લાભાર્થીઓ માટે ખર્ચ કરવાની રહેશે, કોઈપણ કારણસર જો અતિ પછાત જાતિના લાભાર્થીઓ પુરતા પ્રમાણમાં ન મળે અને નિયત થયેલ ૧૫ ટકા પૈકીની રકમ ન વપરાય તેવી બધી રકમ અનુસુચિત જાતિના લોકો માટે વાપરવાની ખાસ કાળજી રાખવાની રહેશે.

૧૫) જરૂરીયાત જણાયેથી પશુપાલન ખાતાની ખેડૂતો-પશુપાલકો માટેની ઘાસચારા બિયારણની યોજનામાં પુરા પાડવામાં આવતા ઘાસચારા બિયારણની જાતો સિવાયની નવી જાતોના ઘાસચારા બિયારણ પુરા પાડવા પશુપાલન નિયામક નીચે મુજબની સમિતિની બેઠક તેમના અધ્યક્ષસ્થાને રાખી સમિતિનું માર્ગદર્શન મેળવી શકશે.

૧. પશુપાલન નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

૨. ખેતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

૩. બાગાયત નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

૪. મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજય બીજ નિગમ લી., ગાંધીનગર

## પરિશિષ્ટ-૧

## સામાન્ય શરતો અને બોલીઓ

| | | |
|---|---|---|
| **યોજનાનું નામ** | **:** | **અનુસુચિત જાતિ પેટા વિકાસ યોજના** |
| **પ્રોજેક્ટનું નામ** | **:** | **(A) Assistance to SC people for Cattle shed , Chaffcutter (operated by engine/el. motor, power tiller, tractor) (a) Up to 5 H.P. (b) More than 5 H.P. and Fodder Minikit** |
| **અમલીકરણ એજન્સી** | **:** | **પશુપાલન નિયામકશ્રીની કચેરી** |

૧. આ યોજનાનો અમલ રાજયના તમામ ઘનિષ્ઠ પશુ સુધારણા યોજનામાં કરવાનો રહેશે.

૨. આ યોજનાના નિયંત્રણ અધિકારી પશુપાલન નિયામકશ્રી રહેશે.

૩. આ યોજનાના ઘનિષ્ઠ પશુ સુધારણા યોજના મારફતે અમલીકરણ થતા ઘટક માટે સબંધિત ઘનિષ્ઠ પશુ સુધારણા યોજનાના મદદનીશ/નાયબ પશુપાલન નિયામકશ્રી અમલીકરણ અધિકારી રહેશે.

૪. ઘનિષ્ઠ પશુ સુધારણા યોજના મારફતે અમલીકરણ થતા ઘટકો માટે લાભાર્થીએ અરજી પત્રક મંજૂરી અર્થે સંબંધિત જૂથ મથકનાં પશુ ચિકિત્સા અધિકારીના લોગઇન એકાઉન્ટમાંથી લાભાર્થીવતી ઓનલાઇન કરાવવાનું કરશે.

૫. અરજી મળ્યેથી સદરહુ તાલુકા પશુ દવાખાનાનાં તાલુકા પશુ ચિકિત્સા અધિકારી પાસેથી સમાન હેતુ વાળા ઘટક માટે અન્ય યોજનામાંથી અગાઉ નિયત કરેલ સમયમર્યાદામાં સહાય મેળવેલ નથી તે બાબતનો પ્રમાણપત્ર/દાખલો મેળવી લેવાનું રહેશે.

૬. જે તે ઘટક માટે ચાલુ નાણાકીય વર્ષમાં આ યોજના હેઠળના પરિશિષ્ટ-૨ ના કોલમ-૫માં દર્શાવેલ સમયમર્યાદાને ધ્યાને લઈ ખેડૂત/પશુપાલક યોજનાનો લાભ લઈ શકશે.

૭. પરિશિષ્ટ-૨ ના કોલમ-૫ માં જણાવ્યાનુસાર એક વાર્ષિક સમયગાળા સિવાયના પ્રત્યેક ઘટક માટે સબંધિત તાલુકા પશુ ચિકિત્સા અધિકારી / જૂથ મથકનાં પશુ ચિકિત્સા અધિકારીને ગામ વાઈઝ ઘટકનું નામ,લાભાર્થીનું નામ,સહાયની રકમ,લાભ આપ્યાનું વર્ષ વગેરે વિગતો ધરાવતું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

૮. આ યોજના હેઠળના ઘટકો માટે સહાયના ધોરણો આ સાથેના પરિશિષ્ટ-૨ મુજબ રહેશે.

૯. લાભાર્થીના બેંક એકાઉન્ટમાં બારોબાર સહાયની રકમ જમા થાય તેવા ઘટકો માટે અરજીનો નમૂનો આ સાથેના પરિશિષ્ટ-૩ મુજબ રહેશે અને તેના અમલ માટેની કાર્યપદ્ધતિ આ સાથેના પરિશિષ્ટ-૪ મુજબ રહેશે.

૧૦. આ યોજના પશુપાલન નિયામકશ્રી, ગુ.રા. ગાંધીનગરના અંકુશ હેઠળ રહેશે. આ યોજના અમલીકરણ બાબતમાં કોઈ મુદ્દો ઉપસ્થિત થાય તો તેમનો સંપર્ક સાધવાનો રહેશે.

૧૧. મંજુર થયેલ પ્રોજેક્ટો સમય મર્યાદામાં પુર્ણ થાય તેમજ સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ ફંડનો પુરેપુરો હેતુસર ઉપયોગ થાય તથા સરકારશ્રી તરફથી આપવામાં આવતી સુચનાઓનો પુરેપુરો અમલ થાય તે બાબત ધ્યાને લઈ પ્રોજેક્ટ અમલીકરણ કરવાનું રહેશે.

૧૨. આ યોજનાની ગ્રાન્ટ પશુપાલન નિયામકશ્રીએ સબંધિત નોડલ એજન્સી રાખીને ઘનિષ્ઠ પશુ સુધારણા યોજનાના મદદનીશ/નાયબ પશુપાલન નિયામકશ્રીને ફાળવવાની રહેશે.

૧૩. સબંધિત ઘનિષ્ઠ પશુ સુધારણા યોજનાનાં મદદનીશ/નાયબ પશુપાલનશ્રીને ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રો (યુ.ટી.સી.) નિયત નમૂનામાં પશુપાલન નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સમયસર મોકલવાના રહેશે તેમજ સબસીડી સહિત થનારા ખર્ચના વિગતવાર હિસાબો તથા ઓડિટને લગતી કામગીરી કરવાની રહેશે.

૧૪. પરિશિષ્ટ-૪ મુજબની કાર્યપદ્ધતિ માટે સબંધિત નોડલ એજન્સીએ(જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત/ ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક, ઘનિષ્ઠ પશુ સુધારણા યોજના/ વિભાગીય સંયુક્ત પશુપાલન નિયામકશ્રી) સહાયની રકમ અથવા સહાયકારી યોજનાઓમાં લાભાર્થીને કરવાનાં થતાં નાણાં સહાયનાં ચુકવણાને Direct Benefit Transfer Schemeમાં તબદિલ કરી લાભાર્થી/સંસ્થાના ખાતામાં જમા કરવાની રહેશે.

૧૫. સહાયના કિસ્સામાં સહાયની રકમ RTGS/NEFT/e-paymentથી સીધેસીધી લાભાર્થીના બેંક ખાતામાં ચુકવણી કરવાની રહેશે. કોઈપણ સંજોગોમાં લાભાર્થીને સીધી રોકડ સહાય ચુકવાશે નહી.

૧૬. સુધારેલ જાતના ઘાસચારા બીયારણ યોજના અંતર્ગત લાભાર્થીને વિનામૂલ્યે વસ્તુ સ્વરૂપે સુધારેલ ઘાસચારા બિયારણ કીટ ગુજરાત લાઈવસ્ટોક ડેવલપમેન્ટ બોર્ડ અને સંબધિત બિયારણ વૃદ્ધિ કેન્દ્રો/ ઘનિષ્ઠ પશુ સુધારણા યોજના દ્વારા લાભાર્થીએ કરેલ ઓનલાઇન અરજી અનુસાર ફાળવવામાં આવશે.

## પરિશિષ્ટ-૨

## સહાયના ધોરણો

**યોજનાનું નામ : અનુસુચિત જાતિ પેટા વિકાસ યોજના**

પ્રોજેક્ટનું નામ : **(A) Assistance to SC people for Cattle shed , Chaffcutter (operated by engine/el. motor, power tiller, tractor) (a) Up to 5 H.P. (b) More than 5 H.P. and Fodder Minikit**

અમલીકરણ એજન્સી : પશુપાલન નિયામકશ્રીની કચેરી

| અ.નં. | ઘટકનું નામ | સહાયનું ધોરણ | રીમાર્કસ | ઘટકના પુન: લાભ મેળવવાની ઓછામાં ઓછી સમય મર્યાદા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ખેડૂત/પશુપાલકને ચાફકટર(ઓપરેટેડ બાય એન્જીન/ ઈલે.મોટર, પાવર ટીલર, ટ્રેક્ટર)ની ખરીદી પર સહાયની યોજના | (અ) ૫ એચ.પી. સુધી. ખરીદ કિંમતના ૭૫% અથવા રૂા.૧૮,૦૦૦/- બે માંથી જે ઓછુ હોય તે | ANH-9<br><br>ચાફકટરનાં અનુસુચિત જાતિનાં લાભાર્થીએ આઇ-ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે તથા સરકારશ્રી દ્વારા એમ્પેનલમેન્ટ થયેલ ઉત્પાદકનાં અધિકૃત વિક્રેતા પાસેથી અથવા સબ-મિશન ઓન એગ્રીકલ્ચર મિકેનાઈઝેશન (SMAM)ની ઓપરેશનલ ગાઈડલાઈન અનુસાર અથવા નિયત પધ્ધતિથી ખરીદી કરવાની રહેશે. | પાંચ વર્ષ |
| | | (અ) ૫ એચ.પી. થી વધુ ખરીદ કિંમતના ૭૫% અથવા રૂા.૪૨,૦૦૦/- બે માંથી જે ઓછુ હોય તે | | દસ વર્ષ |
| ૨ | કેટલશેડ બાંધકામ માટે સહાય | કુલ ખર્ચનાં ૭૫% અથવા મહત્તમ રૂ.૩૦,૦૦૦/- બે માંથી જે ઓછું હોય તે | ANH-9<br><br>કેટલશેડ નાં અનુસુચિત જાતિનાં લાભાર્થીએ આઇ-ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે | આજીવન એક વાર |

| અ.નં. | ઘટકનું નામ | સહાયનું ધોરણ | રીમાર્કસ | ઘટકના પુન: લાભ મેળવવાની ઓછામાં ઓછી સમય મર્યાદા |
|---|---|---|---|---|
| ૩ | ખેડૂત/પશુપાલકોને સુધારેલ જાતનાં ઘાસચારાનાં બિયારણ પુરા પાડવાની સહાયની યોજના | ભૌતિક સ્વરૂપે | ANH-9<br>ઘાસચારા બિયારણનાં મીનીકીટ માટે અનુસુચિત જાતિનાં લાભાર્થીએ આઇ-ખેડૂત પોર્ટલ પરઓનલાઈન અરજી કરવાની રહેશે | સદર મીનીકિટ વર્ષમાં એક વાર એટલે કે ચોમાસું ઋતુમાં વિતરણ કરવાનું રહેશે(જ્યાં ઘાસચારાની તંગી હોય ત્યાં ઘાસચારા ઉનાળુ પાક તરીકે લઇ શકાશે) |

_

## પરિશિષ્ટ-૩

### ભાગ-૧ (અરજીનો નમૂનો)

**યોજનાનું નામ** : **અનુસુચિત જાતિ પેટા વિકાસ યોજના**

**પ્રોજેક્ટનું નામ** : **(A) Assistance to SC people for Cattle shed , Chaffcutter (operated by engine/el. motor, power tiller, tractor) (a) Up to 5 H.P. (b) More than 5 H.P. and Fodder Minikit.**

**અમલીકરણ એજન્સી** : **પશુપાલન નિયામકશ્રીની કચેરી**

અરજી પત્ર ક્રમાંક:

નામ:-

ગામ:- તા.

તારીખ:- / /૨૦૨

પ્રતિ,

પશુ ચિકિત્સા અધિકારી,

જૂથ મથક____________

દ.પ.સુ.યો.___________

**વિષય**:- સહાય યોજનામાં...... ...........................(યોજનાનું નામ) મેળવવા મંજુરી મળવા બાબત.

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે હું નીચે સહી કરનાર શ્રી______________ગામ:- _________તાલુકો:-______ _____જીલ્લો:____________ નો રહેવાસી ખેડૂત/પશુપાલક છું. હાલ મારી પાસે ગાય વર્ગના ____, ભેંસ વર્ગના ____ તેમજ અન્ય ___ વર્ગ ના ______ એમ કુલ ___પશુઓ છે(પશુપાલકના કિસ્સામાં) અને મારો બારકોડેડ રેશનકાર્ડ નં.__________છે, તેમજ___________બેંકમાં ખાતાનં_________(બેંક એકાઉંટ નંબર) ધરાવું છું. મારો મોબાઈલ નં._________છે. હું પશુપાલન ખાતાની વ્યક્તિલક્ષી સહાય યોજનામાં ________ઘટક માટે સહાય લેવા અરજી કરૂ છું. ઉપરોક્ત યોજનામાં લાભ મેળવવા આ અરજી સાથે નીચે જણાવેલ દસ્તાવેજો/દાખલા સામેલ રાખી સાદર કરૂ છું, તેમજ યોજના હેઠળની તમામ શરતો અને બોલીઓથી હું વાકેફ છું. તો અરજી ગ્રાહ્ય રાખવા વિનંતિ છે.

આથી હું સોગંદ પૂર્વક જણાવું છું કે મેં આ યોજના હેઠળ છેલ્લે ___ વર્ષમાં લાભ લીધેલ છે/ક્યારેય લાભ લીધેલ નથી.

તારીખ : / /૨૦૨

મારું પત્ર વ્યવહાર માટેનું સરનામું નીચે પ્રમાણે છે.

ખેડૂત/પશુપાલકની સહી.......

**<u>સામેલ:</u>**

૧. બેંક પાસબુકની નકલ અથવા રદ કરેલ ચેક

૨. બારકોડેડ રેશનકાર્ડ

૩. સંમતિપત્રક(કેટલશેડ માટે)

૪. તલાટી કમ મંત્રીનો જમીન ધરાવતો હોવાનો દાખલો (કેટલશેડ માટે)

૫. આધારકાર્ડની નકલ

૬. અનુસુચિત જાતિના મતલબનો દાખલો

**અરજીનો પ્રિન્ટ આઉટ નમુનો**

**પરિશિષ્ટ-૩**

**ભાગ-૨ (અરજીનો નમુનો)**

આ અરજીમાં સહી કરી બિડાણ સાથે નીચે જણાવેલ ઓફીસના સરનામે રજુ કરી પહોંચ અવશ્ય મેળવી લેવી

આ અરજી જે તે ઓફિસમાં એક અઠવાડિયામાં રજુ કરવાની રહેશે.

અરજી પત્ર ક્રમાંક:

જૂથ/સંસ્થાના પ્રતિનિધિનું નામ :

જૂથ/સંસ્થાનું નામ:

ગામ.

જી. તા.

તારીખ.:

પ્રતિ,

પશુ ચિકિત્સા અધિકારી,

જૂથ મથક___________

ઘ.પ.સુ.યો.__________

વિષય: અનુસૂચિત જાતિના ખેડૂત/પશુપાલકના જૂથ/સંસ્થા માટે ચાફકટર ખરીદી પર સહાય

મેળવવા મંજુરી મળવા બાબત.

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે હું નીચે સહી કરનાર શ્રી/ શ્રીમતિ/ કુ. નામ: ............................................,ગામ..........................તાલુકો........................ નો અનુસુચિત જાતિનો ખેડૂત/પશુપાલક છું તથા ........................જૂથ/સંસ્થાનો પ્રતિનિધિ છું. અમારા જૂથ/સંસ્થામાં ..........સભ્યો છે. અમારી જૂથ/સંસ્થાનો રજીસ્ટ્રેશન નંબર ................છે તથા ................તારીખે અમારી જૂથ/સંસ્થાની સ્થાપના થયેલ હતી. મારો મોબાઈલ નંબર .....................અને ઈ-મેઈલ .............................................છે. અમારી જૂથ/સંસ્થાના સભ્યોનાં પશુઓની વિગત ગાય વર્ગના..........., ભેસ વર્ગના.............., તેમજ અન્ય ............. એમ કુલ............પશુઓ છે,(પશુપાલકના કિસ્સામાં) અમારી જૂથ/સંસ્થાના .................................................. બેંકમાં ખાતાનં ...................................(બેંક એકાઉન્ટ નંબર) ધરાવીએ છીએ.

ઉપરોક્ત યોજનામાં લાભ મેળવવા અરજી સાથે નીચે જણાવેલ દસ્તાવેજ/ દાખલા સામેલ રાખી અમારી ................ (જુથ/સંસ્થા) વતી સાદર કરુ છું તેમજ યોજના હેઠળની તમામ શરતો અને બોલીઓથી હું વાકેફ છું તથા જુથ/ સંસ્થાના તમામ સભ્યો દ્વારા મને અધિકૃત કરેલ છે. જેથી સદર અરજી ગ્રાહ્ય રાખવા વિનંતી છે.

આથી હું સોગંદ પૂર્વક જણાવું છું કે આ યોજના હેઠળ છેલ્લે ક્યારેય લાભ લીધેલ નથી/................ વર્ષમાં લાભ લીધેલ છે.

........................... જૂથ/ સંસ્થાના પ્રતિનિધિની સહી

( )

સામેલ:

૧. જૂથ/ સંસ્થાનું પ્રમાણપત્ર/ પ્રોફાઈલ/ રજીસ્ટ્રેશનનો આધાર

૨. જૂથ/ સંસ્થાના પ્રતિનિધિની સરકાર માન્ય ફોટાવાળા ઓળખપત્રની નકલ

૩. જૂથ/ સંસ્થાની બેંક પાસબુકની નકલ અથવા રદ કરેલ ચેક

૪. જૂથ/ સંસ્થા પાસે કુલ મળી પાંચ કે તેથી વધુ દુધાળા પશુ હોવાનો પુરાવો (ગ્રામ્ય દૂધ ઉત્પાદક મંડળી/તલાટી કમ મંત્રીનો દાખલો / પ્રમાણપત્ર )-(પશુપાલકના કિસ્સામાં)

**અરજીનો પ્રિન્ટ આઉટ નમુનો**

**પરિશિષ્ટ-૩**

**ભાગ-૩ (અરજીનો નમુનો)**

| | | |
|---|---|---|
| **યોજનાનું નામ** | **:** | **અનુસુચિત જાતિ પેટા વિકાસ યોજના** |
| **પ્રોજેક્ટનું નામ** | **:** | **(A) Assistance to SC people for Fodder Minikit** |
| **અમલીકરણ એજન્સી** | **:** | **પશુપાલન નિયામકશ્રીની કચેરી** |

(આ અરજીમાં સહી કરી બિડાણ સાથે નીચે જણાવેલ ઓફીસના સરનામે રજુ કરી પહોંચ અવશ્ય મેળવી લેવી આ અરજી જે તે ઓફિસમાં એક અઠવાડીયામાં રજુ કરવાની રહેશે)

અરજી પત્ર ક્રમાંક:

નામ:-

ગામ:-

તા:-

તારીખ:- / /૨૦૨

પ્રતિ,

પશુ ચિકિત્સા અધિકારી/પશુધન નિરીક્ષક,

પશુ દવાખાના/પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર

મુ.________ તા._______જી.________

વિષય:- ઘાસચારાનાં મીનીકીટનો આશરે ૨૦ ગુંઠાનો નિદર્શન પ્લોટ બનાવવા માટેની અરજી બાબત.

સવિનય નિવેદન જણાવવાનું કે હું ઉપરના સ્થળનો રહીશ છું. હાલમાં મારી પાસે.......પશુઓ છે. મારી ખેતીવાડી જમીનના સર્વે નંબર........છે કે જે......એકર......ગુંઠાની છે તથા પિયતની સગવડ છે. આ જમીનમાં........ઋતુમાં યોજના હેઠળ........ઘાસચારા પાકનો ૨૦ ગુંઠાનો નિદર્શન પ્લોટ બનાવવા ઘાસચારાના પાકનું બીજ આપવા વિનંતી.

શરતો:

(૧) સદર પ્લોટમાં હું લીલોચારો ઉત્પન્ન કરીશ.

(૨) અધિકારી/કર્મચારીના સૂચવ્યા મુજબ આશરે ૨૦ ગુંઠા પ્લોટમાં આપના પુરા પાડેલ......કિલોગ્રામ બિયારણ યોગ્ય રીતે વાપરી પ્લોટ બનાવીશ.

(૩) ધારાધોરણ અનુંસાર જ ઘાસચારા નિદર્શન પ્લોટ બનાવી, આપના ખાતા તરફથી જે હકીકત/ માહિતી મંગાવવામાં આવે તે તમામ હકીકત/માહિતી પૂરી પાડવા બંધાઉ છુ તથા વખતોવખતની સુચનાઓ પણ મંજુર રાખીશ.

(૪) સુચનાનુસાર નિદર્શન ભરી અન્ય ખેડૂતોને બતાવીશ.

બિડાણ:(૧) ૭/૧૨ તથા ૮/અ દાખલો/તલાટીનો દાખલો(જમીન ધરાવતા હોવાનો)

(૨) પોતાની જમીન ન હોવાના કિસ્સામાં ભાડા કરારની નકલ.

(૩) અનુસુચિત જાતિનો દાખલો

રૂબરૂ : લાભાર્થીની સહી.............

## આદેશ

ઉપરોક્ત દર્શાવેલ હકીકત ખરી છે. અરજદાર ખેડૂત/પશુપાલક સુધારેલ ઘાસચારા બીયારણના નિદર્શન પ્લોટ બનાવવા ઉત્સાહ ધરાવે છે. આથી આશરે ૨૦ ગુંઠાનો નિદર્શન પ્લોટ બનાવવા ઘાસચારાના પાકનું મીનીકીટ મંજુર કરવામાં ભલામણ કરવામાં આવે છે.

પશુધન નિરીક્ષકની સહી, પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર

મુ.........તા..........જી.............

## તાલુકા પશુ ચિકિત્સા અધિકારીનું પ્રમાણપત્ર (ભાગ-૨ ભલામણ)

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી/શ્રીમતિ/કુ......................................, ગામ. ............ તાલુકો. .......................... જીલ્લો ...................................... એ અનુસુચિત જાતિના ...............................................(ઘટકનું નામ) સહાયની માંગણી મુજબની અરજી સબબ તમામ વિગતો ચકાસવામાં આવી છે. આ અગાઉ સદરહુ યોજના કે સંલગ્ન સમાન હેતુવાળી અન્ય કોઇ યોજનામાં લાભ લીધેલ નથી અને ..............................................................યોજનાના ઠરાવની શરતો-બોલીઓ મુજબ સહાય મેળવવા પાત્રતા ધરાવે છે/ધરાવતા નથી. (પાત્રતા ધરાવતા ન હોય તેવા કિસ્સામાં કારણો)

સ્થળ :

તારીખ :

પશુ ચિકિત્સા અધિકારી

જૂથ મથક___________

ઘપસુયો___________

## લાભાર્થીનુ સંમતિ અંગેનુ એકરારનામું

હુ મારો આધાર નંબર આપના ખાતાની યોજના અંતર્ગત મળવાપાત્ર યોજનાકીય લાભો મેળવવાના તથા રજીસ્ટ્રેશન કરાવવાના હેતુસર આપના ખાતા ધ્વારા ઉપયોગમાં લેવા અંગે સહમતી આપુ છુ.

ખેડૂત/પશુપાલકની સહી.......

## ભાગ-૩ (યોજના હેઠળની સહાયની મંજુરી માટેનો આદેશ/હુકમ)

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી/શ્રીમતિ/કુ.______________________________ ગામ__________________તા.__________જી_______ ____.એએ.એન.એચ-૯__________ યોજનામાં__________________________ (યોજનાનું નામ) સહાયની માંગણી મુજબની અરજી સબબ તમામ વિગતો ચકાસવામાં આવી છે અને સહાય મેળવવા પાત્રતા ધરાવતા હોય નિયમાનુસાર યોજનાકીય સહાય ____________(યોજનાનું નામ) ઘટક માટે પૂર્વ મંજુર હુકમ કરવામાં આવે છે. આગળની કાર્યવાહી આ સાથે સામેલ માર્ગદર્શિકા મુજબ કરવાની રહેશે.

સ્થળ :

તારીખ : / / ૨૦૨

મદદનીશ/નાયબ પશુપાલન નિયામક

ઘ.પ.સુ.યો.__________

## ભાગ-૪ (મળેલ ઇનપુટ/સાધનની વિગત)

| ઇનપુટની વિગત | જથ્થો | બિલ નંબર અને તારીખ | સામગ્રી જ્યાંથી મેળવેલ છે તે સંસ્થાની વિગત |
|---|---|---|---|
| | | | |

ખેડૂત/પશુપાલક સહી.......

રૂબરૂ

પશુ ચિકિત્સા અધિકારી,

પશુ દવાખાના/જૂથ મથક ________

## પશુ ચિકિત્સા અધિકારી મદદનીશ/નાયબ પશુપાલન નિયામકશ્રીનું પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી________________________________

ગામ__________________તા.__________________જી.એ__________ANH-9 યોજનામાં_____ ____________________________(યોજનાનું નામ) અરજીના ભાગ-૪માં જણાવેલ તમામ ઇનપુટ/સાધન ખરીદેલ છે અને યોજના મુજબ અમલવારીની સ્થળ ચકાસણી કરવામાં આવેલ છે જે બરાબર છે.

સ્થળ:-

તા: / /

પશુ ચિકિત્સા અધિકારી,

પશુ દવાખાના/જૂથ મથક ________

**ભાગ-૫ (યોજના હેઠળની સહાયની રકમ ચુકવવા માટેનો આદેશ/હુકમ)**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી_____________ ગામ___________તા.___________જી.________એ.એન.એચ.૯ યોજનામાં________________(ઘટકનું નામ) સહાયથી ખરીદવાની/સ્થાપવાની માંગણી મુજબની અરજી સબબ તમામ વિગતો ચકાસવામાં આવી છે અને સહાય મેળવવા પાત્રતા ધરાવતા હોય નિયમાનુસાર યોજનાકીય સહાય રૂ.________ _અંકે રૂપિય_________મંજૂર કરવામાં આવે છે. આ લાભાર્થીના__________________બેંકના બેંક એકાઉન્ટ નંબર ____________________માં નોડલ એજન્સી(જિલ્લા પંચાયત/ઘ.પ.સુ.યોની કચેરી) એ સદરહુ રકમ જમા કરાવવાની રહેશે.

સ્થળ :

તારીખ : / / ૨૦૨

મદદનીશ/નાયબ પશુપાલન નિયામક

ઘનિષ્ઠ પશુ સુધારણા યોજના____

**પરિશિષ્ટ-૪**

| | | |
|---|---|---|
| **યોજનાનું નામ** | **:** | **અનુસુચિત જાતિ પેટા વિકાસ યોજના** |
| **પ્રોજેક્ટનું નામ** | **:** | **Assistance to SC people for Cattle shed and Chaffcutter (operated by engine/el. motor, power tiller, tractor) (a) Up to 5 H.P. (b) More than 5 H.P. and Fodder Minikit.** |
| **અમલીકરણ એજન્સી** | **:** | **પશુપાલન નિયામકશ્રીની કચેરી** |

વ્યક્તિગત લાભાર્થી લક્ષી તેમજ સમાન હેતુ વાળી અને લાભાર્થીનાં નાણાં સહાયનાં ચુકવણાને Direct Benefit Transfer Schemeમાં તબદિલ કરી લાભાર્થીના ખાતાનાં બેંક એકાઉન્ટમાં બારોબાર સહાય ચુકવવાના ઘટકો અમલીકરણ માટેની કાર્યપદ્ધતિ

પશુપાલન ખાતાની વ્યક્તિલક્ષી સહાય યોજનાઓ કાર્યપદ્ધતિ હેઠળ આવરી લેવાયેલ ઘટકો.

**(૧) અરજીઓ મેળવવાની પદ્ધતિ (અરજી પત્રકના ભાગ-૧)**

(ક) આઈ-ખેડૂત પોર્ટલ પર અગાઉ નોંધણી કરાવેલ અથવા ન કરાવેલ પશુપાલક ઓનલાઈન અરજીઓ કરી , પ્રિન્ટ આઉટ મેળવી, સહી કરી સબંધિત ઘટક માટે લાભાર્થી પશુપાલકે સબંધિત ઘનિષ્ઠ પશુ સુધારણા યોજનાનાં જૂથ મથક ખાતે અરજી કરવાની રહેશે.

(ખ) અન્યથા અરજદાર સબંધિત જીલ્લાના સબંધિત તાલુકા પશુ દવાખાના ખાતે નિયત નમૂનામાં અરજી સાધનિક દસ્તાવેજી પુરાવા સાથે રજુ કરવાની થશે. સબંધિત તાલુકા પશુ ચિકિત્સા અધિકારી દિન-૨ માં આઈ-ખેડૂત પોર્ટલ પર પોતાના login account માંથી ઓનલાઈન નોંધણી કરવાની રહેશે.(આ પ્રકારે અરજી ઓનલાઈન ખુલ્લી મુકવામાં આવી હોય ત્યારે જ થઈ શકશે)

**(૨) અરજીઓની ચકાસણી અંગેની કાર્યપદ્ધતિ (અરજી પત્રકના ભાગ-૨)**

સબંધિત અધિકારીએ આઈ ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન ઈનવર્ડ કરેલ અરજીઓની સમય મર્યાદામાં ચકાસણી કરી યોજનાની શરતો અને બોલીઓની જોગવાઈઓ અનુસાર દરેક અરજીની પાત્રતા/બિનપાત્રતા નિર્ધારિત કરી ભલામણસહ જીલ્લા કક્ષાની કચેરીએ અમલીકરણ અધિકારીને પાત્રતા/બિન પાત્રતાનું ઓનલાઈન આઈ ખેડૂત પોર્ટલમાં સ્ટેટસ અપડેટ કરવા રજુ કરવાની રહેશે.

**(૩) અરજીઓની મંજૂરી અંગેની કાર્યપદ્ધતી (અરજી પત્રકના ભાગ-૩)**

પાત્રતા ધરાવતી અરજીઓ પૈકી સબંધિત અમલીકરણ અધિકારીએ તાત્કાલિક મંજુર/ના મંજુરની કાર્યવાહી કરવાની રહેશે તથા આઈ ખેડૂત પોર્ટલ પર તાત્કાલિક મંજુરીનું સ્ટેટસ અપડેટ કરવાનું રહેશે.

**(૪) મંજૂર થયેલ સહાયની લાભાર્થીને જાણકારી આપવા અને ઇનપુટ સાધન સામગ્રીની ચકાસણી કરવા બાબત (અરજી પત્રકના ભાગ-૪)**

યોજના હેઠળના ઘટક માટે મંજૂર કરાયેલ અરજીઓની સંબધિત અરજદારોને ૯૦ દિવસમાં ઉપરાંત જ્યાં શક્ય હોય ત્યાં એસ.એમ.એસ. (SMS)/ઈ મેઈલ થી પણ જાણ કરવાની રહેશે. લાભાર્થીએ મંજુરી વખતે સામેલ માર્ગદર્શિકામાં દર્શાવેલ સમયમર્યાદામાં ઘટકની સ્થાપના કરવાની રહેશે. ઘટકની સ્થાપના બાદ સબંધિત અમલીકરણ અધિકારીએ ગામડામાં કેમ્પ ગોઠવી ચકાસણી/ખાત્રીની કાર્યવાહી હાથ ધરાશે. ત્યારબાદ દિવસ-૨માં ઉપરોક્ત જવાબદાર અધિકારીએ ચકાસણી કર્યાનું પ્રમાણપત્ર અમલીકરણ અધિકારીને મંજુરી અર્થે મોકલી આપવાનું રહેશે, અરજી મંજુર કરનાર અધિકારીએ આઇ ખેડૂત પોર્ટલ પર પોતાના લોગઇન એકાઉન્ટમાં યોજનાના લાભાર્થીના સ્ટેટસ અપડેટ કરવાનું રહેશે.

**(૫) ઘટક ખરીદી માટે સહાયની ચુકવણીની કાર્યપદ્ધતિ(અરજી પત્રકના ભાગ-૫)**

યોજના હેઠળના ઘટક દીઠ મંજૂર થયેલા તેમજ નિયમાનુસાર ઘટકની ચીજ વસ્તુની ખરીદી/સ્થાપના બાદ સંબંધિત અરજદારની અરજી પત્રકના ભાગ-૫માં મંજૂરી આપી સંબંધિત જિલ્લાના મદદનીશ/નાયબ પશુપાલન નિયામક,ઘનિષ્ઠ પશુ સુધારણા યોજનાએ આઈ-ખેડૂત પોર્ટલ પોતાના login એકાઉન્ટમાં યોજનાના લાભાર્થીના સ્ટેટસ અપડેટની એન્ટ્રી કરવાની રહેશે. સહાય ચુકવવાની પાત્રતા ધરાવતા કેસોની યાદીના આઇ-ખેડૂત પોર્ટલ થકી પ્રિન્ટ આઉટ મેળવી અધિકૃત અધિકારીએ સહી/સિક્કા કરી જ્યાં લાગુ પડતા હોય ત્યાં જિલ્લા કક્ષાના અધિકારી મારફતે સબંધિત ઘનિષ્ઠ પશુ સુધારણા યોજનાનાં મદદનીશ/નાયબ પશુપાલન નિયામકશ્રીને મોકલવાનો રહેશે જેથી સંબંધિત ઉપાડ અને ચુકવણી અધિકારી દ્વારા અરજદારનાં બેંક એકાઉન્ટમાં સહાયની રકમ RTGS/NEFT/e-payment થી લાભાર્થીના બેંક ખાતામાં ચુકવણી કરવાની રહેશે. કોઈપણ સંજોગોમાં લાભાર્થીને સીધી રોકડ સહાય ચુકવાશે નહી.

## <u>સંમતિ પત્રક</u>

આથી હું નીચે સહી કરનાર શ્રી/શ્રીમતી..........................................................

ગામ................તા...................જીલ્લો........................,આથી સંમતિ પત્રક લખી આપુ છું કે હું પશુપાલન ખાતાની કેટલશેડ,પાણીની ટાંકી,ગમાણ તથા ડોલ માટેની ઘાસચારા વિકાસની સહાય યોજના માટે મારી પાસે .............. પશુઓ છે.જે માટે રૂ.....................અથવા ૭૫% લેખે મહત્તમ સહાય પૈકી ઓછામાં ઓછી સહાયનાં ધોરણ મુજબ, આ યોજનાનો લાભ લેવા માટે આથી સંમતિ આપુ છું.

લાભાર્થીનું નામ.........................................

સહી............................

<u>રૂબરૂ</u>

પશુચિકિત્સા અધિકારી

--------

## <u>પ્રમાણપત્ર</u>

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી/શ્રીમતી............................................, ગામ............, તા............., જિલ્લો............નાં પશુપાલક છે અને તેઓ પાસે બે(૨) કે તેથી વધારે પશુઓ ધરાવે છે.

તલાટી-કમ-મંત્રી

અથવા

ચેરમેન/સેક્રેટરી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.

Signature Not Verified

Signed by:priyanka chaudhary
Section Officer
Date:2026.06.11
16:41:21 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign